# SHREE VASISHTHA VIDHYALAYA, VAV.
## (Gujarati Medium/Bilingual Medium)

**"જો મહેનત એક આદત બની જાય, તો સફળતા એક 'મુકદ્દર' બની જાય છે."**

## વાલી-શિક્ષક મિટીંગ

આત્મીય વાલી મિત્રો…વંદે માતરમ્

બાળકના સર્વાંગી વિકાસમાં આપણો હકારાત્મક અભિગમ ખૂબ મહત્ત્વનો હોય છે. બાળક અને શિક્ષક સાથેનો સુમેળ સધાય તેમજ બાળકે ઘરે કરેલ કાર્યની નોંધ લઈ શકાય તે હેતુથી સમયાંતરે હેતુસભર વાલી-શિક્ષક મિટીંગનું આયોજન થતું હોય છે, તે આપ જાણો છો. દરેક વાલી મિટીંગમાં આપના તરફથી હકારાત્મક સહકાર મળે છે અને મળતો રહેશે એવી અભ્યર્થના …

❖ **ધો. 3 થી 9 નાં વિદ્યાર્થીઓ માટે તારીખ :- 01/02/2025 ને શનિવારના રોજ વાલી-શિક્ષક મિટીંગ રહેશે. આ મિટીંગમાં દ્વિતીય યુનિટ ટેસ્ટ / દ્વિતીય સામાયિક પરીક્ષાનું પરિણામ આપવામાં આવશે, તેથી આ મિટીંગમાં આવવું ખૂબ જરૂરી છે.**

**☛નીચે આપેલા મુદ્દાઓ ઉપર ધ્યાન આપશો.**

❖ તા.**01/02/2025 ને શનિવારના** રોજ વાલી મિટીંગમાં આવો ત્યારે જે તે ધોરણના વિદ્યાર્થી-વાલીશ્રીએ નીચે આપેલ રોલ નંબર મુજબના સમય પ્રમાણે જ આવવાનું રહેશે.

- ➢ધો. 3 થી 9 નાં રોલ નંબર **01 થી 10** નાં વિદ્યાર્થીનો સમય: **08:30 am to 09:30 am**
- ➢ધો. 3 થી 9 નાં રોલ નંબર **11 થી 20** નાં વિદ્યાર્થીનો સમય: **09:30 am to 10:30 am**
- ➢ધો. 3 થી 9 નાં રોલ નંબર **21 થી 30** નાં વિદ્યાર્થીનો સમય: **10:30 am to 11:30 am**
- ➢ધો. 3 થી 9 નાં રોલ નંબર **31 થી ….** નાં વિદ્યાર્થીનો સમય: **11:30 am to 12:30 pm**

❖ ચાલુ શૈક્ષણિક વર્ષ **2024-25** ની ફી જો ભરવાની બાકી હોય તો તા. **01/02/2025** ને શનિવારના રોજ ફરજિયાત ભરવાની રહેશે.

☛ **વાલી-શિક્ષક મિટિંગના દિવસે ધો. 3 થી 9 ના વિદ્યાર્થીઓ દ્વારા Maths Expo અને Code Expo નું આયોજન કરેલ છે તેમજ ધો.11 com. દ્વારા સાયબર સિક્યુરિટી અવેરનેસનું પણ આયોજન કરેલ છે તો આ Expoની અચૂક મુલાકાત લઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા નમ્ર વિનંતી.**

**<u>નોંધ :-</u>**

- ❖ વાલીશ્રીએ ઉપરોક્ત સમયે જ વાલી-શિક્ષક મિટીંગમાં આવવાનું રહેશે, જેની ખાસ નોંધ લેવી.
- ❖ વાલી મિટીંગના દિવસે શૈક્ષણિક કાર્ય બંધ રહેશે પરંતુ વિદ્યાર્થીએ લેસન ડાયરી સાથે લઈને વાલી સાથે આવવાનું રહેશે.
- ❖ વાલી-શિક્ષક મિટીંગમાં આપ આવો ત્યારે આપનું વાહન યોગ્ય જગ્યાએ પાર્ક કરીને વ્યવસ્થાપકોને સહકાર આપવા વિનંતી.

**P.T.O.**

**“Technology is best when it brings people together.”**

**CODE EXPO** **MATHS EXPO**

**CYBER SECURITY AWARENESS**

**Std : 3 to 9 & 11 Com.**

આજના ટેકનોલૉજીના સમયમાં પ્રોગ્રામિંગ, વિવેચનાત્મક વિચારસરણી, સર્જનાત્મકતા,તર્કશક્તિ, સંદેશા વ્યવહાર જેવા કૌશલ્યો બાળકોમાં વિકસાવવા અને બાળકોની ગણિતમાં રસરૂચિ કેળવાય તેમજ બાળકો સાયબર સિક્યુરિટી વિષે જાગૃત થાય તેથી ધો. 3 થી 9 અને 11 Com.ના બાળ કૉડર અને બાળ ગણિતશાસ્ત્રી **દ્વા**રા Code Expo અને Maths Expoનું આયોજન કરેલ છે. બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુથી આપશ્રીને Expoની અચૂક મુલાકાત લેવા નમ્ર નિવેદન છે.

**તા : 01/02/2025, શનિવાર, સમય : 8:30 am to 12:30 pm**

- **CODE EXPO** સ્થળ : પ્રાયમરી બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર.
- **MATHS EXPO** સ્થળ : સ્કેટિંગ રીંગ , ગ્રાઉન્ડ.
- **CYBER SECURITY AWARENESS** સ્થળ : પ્રાયમરી બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર.

તો ચાલો,આપણે સૌ વાલી-શિક્ષક મિટીંગના દિવસે **EXPO** ની અચૂક મુલાકાત લઈને અવનવું જાણીએ અને બાળ કૉડરને અને બાળ ગણિતશાસ્ત્રીઓને પ્રોત્સાહન આપીએ.

**સહકાર બદલ અભાર...**